# પ્રબોધકો દ્વારા ઈસુના આગમનની ભવિષ્યવાણી

**બાળકોને શિખવનારે અભ્યાસ વાંચી જવો.**

**૧. મસીહની આગાહીઓ શિખવતા પહેલાં પ્રાર્થના અને દેવના વચન દ્વારા તૈયારી કરવી.**

**પ્રાર્થના :** સ્વર્ગીય પિતા, પ્રભુ ઈસુ મસીહના આગમનની ઘણી આગાહીઓ તમે પરિપૂર્ણ કરી તેમાં મારા લોક આનંદ કરે માટે અમારી સહાય કરો. આજ રીતે પ્રભુ ઈસુના પાછા ફરવાની આશા રાખવા માટે અમારી સહાય કરો.

**પશ્ચાતવર્તી નોંધ**

**નોંધ અ** - જૂના કરારના સમયમાં યહુદીઓ પોતાના રાજાઓને 'મસીહ'નું બિરૂદ આપતા હતા. આ ઉપરાંત 'મસીહ'નું બિરૂદ એ 'મોટા રાજાને' આપવામાં આવ્યું હતું કે જે રાજા એક સમયે આવનાર છે. અને આખી પૃથ્વી પર રાજ કરશે. મસીહ શબ્દનો અર્થ 'અભિષિક્ત' થાય છે અને તેનો તરજૂમો ઘણીવાર 'ખ્રિસ્ત' તરીકે થયેલો છે. માટે ઈસુ ખ્રિસ્ત નામનો અર્થ ઈસુ મસીહ થાય છે.

**નોંધ-બી** - યહુદી પ્રજા પાસે તેમનો આશરે ૪૦૦૦ વર્ષનો ઈતિહાસ છે જે તેમના પૂર્વજ ઈબ્રાહીમથી શરૂ થાય છે. તેમણે મસીહના આવવા વિષે ૨૦૦૦ વર્ષ સુધી રાહ જોઈ. જ્યારે મસીહ આવ્યો ત્યારે ઘણાએ તેના પર વિશ્વાસ કર્યો પણ મોટાભાગનાએ તેનો વિશ્વાસ ના કર્યો. આજે ૨૦૦૦ વર્ષ પછી પણ મોટી સંખ્યામા યહુદીલોકો ઈસુ તેમનો મસીહ છે તેવો વિશ્વાસ કરે છે પણ મોટા ભાગના કરતા નથી. વિશ્વાસ ના કરતા ઘણા યહુદીઓ આજે પણ મસીહની વાટ જુએ છે.

**નોંધ-સી** - એવા ઘણાં કારણો છે, જેને લીધે આપણે જાણીએ છીએ કે બાઈબલ સાચુ છે અને પ્રભુ ઈસુ જ યહુદીઓના મસીહ છે. (૧) ઈસુએ ઘણી બાબતો કરી કે જે ઈશ્વર સિવાય કોઈ જ ના કરી શકે. (૨) ઈસુના નામમાં કરેલી પ્રાર્થનાઓનો દેવ જવાબ આપે છે. (૩) આપણે ઈસુના ચમત્કારો અને તેના દર્શનો જોયા છે. (૪) પ્રભુ ઈસુ બીજા તમામ આત્માઓ કરતા વધારે પરાક્રમી છે. (૫) પ્રભુ ઈસુ આપણને શાંતિ અને આનંદ આપે છે. (૬) પ્રભુ ઈસુ જેવો કોઈ નથી. (૭) પવિત્ર આત્મા વિશ્વાસીઓમાં વસે છે. તે આપણા આત્મા સાથે સત્યની સાક્ષી પૂરે છે.

બાઈબલનું માનવાનું બીજુ કારણએ છે કે લાંબા કાળથી સેંકડો આગાહીઓ કરવામાં આવી છે. અને ઘણી સાચી પડી ચુકી છે. જુના કરારમાં પ્રબોધકોએ આશરે ૨૧૦ આગાહીઓ મસીહના આગમન વિષે કરી છે. નવા કરારમાં ઈસુએ આશરે ૧૫૦ જેટલી ્ગાહીઓ તેમાંથી પરિપૂર્ણ કરી છે. અને તેણે કહ્યું કે જ્યારે તે પૃથ્વી ઉપર પાછો આવશે.ત્યારે બાકીની આગાહીઓ પૂરી કરશે.

**નોંધ-ડી** ખ્રિસ્તીઓ યહુદી અને બિનયહુદીમાંથી બનેલા છે તેઓ માને છે કે પ્રતિજ્ઞાનો મસીહ આવી ચુકેલો છે. અને તેજ ઈસુ છે. ખ્રિસ્તીઓ એ પણ માને છે કે પ્રતિજ્ઞા પ્રમાણે પ્રભુ ઈસુ એક દિવસ પૃથ્વી પર પાછા ફરશે.

**જૂના કરારની આગાહીઓ સાથે નવા કરારની પરિપૂર્ણતા**


- **યશાયાહ૯:૬**-૭ સાથે **માત્થી ૨:૧-૧૧** એમાં ખાસ બાળક રાજા તરીકે જન્મશે તે વિષે છે.
- **મીખાહ-૫:૧** સાથે **માત્થી૨:૧-૧૧** ઈસુનો જન્મ ક્યાં થશે. તે વિષે
- **યશાયાહ-૧૧:૧-૪** સાથે **માત્થી ૫:૧-૧૨** નમ્ર અને ગરીબોને જ્ઞાનથી દોરશે તે વિશે.
- **યશાયાહ૫૩:૪** સાથે **માત્થી૮:૧૪-૧૭** લોકોના રોગ મટાડશે તે વિષે.
- **પુર્નનિયમ૧૮:૧૫** સાથે **યોહાન ૬:૧૦-૧૫** લોકોને ચમત્કારી રીતે રોટલી આપશે તે વિશે.
- **દાનિયેલ--૯:૨૫-૨૬** સાથે **માત્થી ૨૪:૧૪-૨૫** મસીહના આવ્યા પછી સતાવણી થશે તે.
- **ઝખાર્યા ૯: ૯** સાથે **માત્થી૨૧:૧-૧૧** યરૂશાલેમમાં વિજયવંત પ્રવેશ વિષે.
- **યિર્મેયાહ ૩૧:૩૧-૩૪** સાથે **લુક ૨૨:૧૭-૨૨** નવો કરાર સ્થાપવા વિષે.

- **યશાયાહ૫૩:૧૨** સાથે **લુક ૨૨:૩૭** ઈસુ અપરાધીઓમાં ગણાયો તે વિષે.
- **ગીતશાસ્ત્ર૨૨:૧૪-૧૮** સાથે **માત્થી૨૭:૩૨-૫૦** પ્રભુ ઈસુના વધસ્તંભે જડાવા વિષે.
- **ઝખાર્યા ૧૨:૧૦** સાથે **યોહાન ૧૯:૩૪-૩૭** મસીહને ભાલાથી વીંધી નંખાશે તે વિષે.
- **યશાયાહ૫૩:૭-૮** સાથે **પ્રેરીત૮:૨૯-૩૫**. ઈસુનુ મરણ તે આપણા પાપો માટેનું બલિદાન છે. તે વિષે.
- **ગીતશાસ્ત્ર૧૬:૯-૧૧** સાથે **લુક ૨૪:૪૬-૪૮** અને પ્રેરીત ૨:૨૨-૨૮ ઈસુના પુનરૂત્થાન વિષે.

જુના કરારના ઘણા નમુનાઓએ બીજા પ્રકારની આગાહીઓ જેવા છે. જે **પ્રભુ ઈસુમાં પૂર્ણ થયેલ છે**. દા.ત. ૧ કોરોથીં ૧૫-૪૫માં પ્રભુ ઈસુને છેલ્લો આદમ કહેવામાં આવેલો છે. રૂમી૫:૧૨, ૧ કોરંથી૧૫:૨૦-૨૩,૪૫-૫૦. આ કલમોમાં કેટલીક મહત્વની સમાનતાઓ અને વિરોધાભાસ પ્રભુ ઈસુ અને આદમ વચ્ચે છે. પ્રભુ ઈસુ અને આદમ બંને નવી માણસજાતિ શરૂ કરનાર પુરૂષો છે કે તેઓએ જે કર્યું તેને કારણે તેમણે ઉભી કરેલી જાતિને લાંબા ગાળાના પરિણામો પ્રાપ્ત થયા છે.



શેતાને પરીક્ષણ કર્યું ત્યારે આદમે આજ્ઞા તોડી તેનું ચિત્ર.



શેતાને પરિક્ષણ કર્યું ત્યારે પ્રભુ ઈસુ વિજયી થયા.

**ખાસ અભ્યાસ માટે** (આ અભ્યાસ સારો એવો સમય લે છે.) નીચે દર્શાવેલ માણસો અને ઈસુ વચ્ચે ઘણી સરખામણીઓ અને વિરોધાભાસો શોધવાની અમે ભલામણ કરીએ છીએ.

**આદમ** ઉત્પત્તિ-૨ અને ૩ અધ્યાય.

**ઈસ્હાક**, ઉત્પત્તિ-૨૨

**યુસફ,** ઉત્પત્તિ-૩૭:૩૭-૪૮ અધ્યાય.

**મુસા**, નિર્ગમનથી ગણનાના અધ્યાયો.

**હારૂન**, નિર્ગમન થી લેવીના પુસ્તકો.

**યહોશુઆ**, યહોશુઆનું પુસ્તક.

**બોઆઝ**, રૂથનું પુસ્તક.

**દાઉદ**, ૧ શમુએલ ૧૬ થી ૩૧ અધ્યાય ૨ શમુએલ ૧થી ૨૪ અધ્યાય

**એલીયાહ**, ૧ રાજા ૧૭ થી ૧૯ અધ્યાય, ૨ રાજા ૨.

## ૨. સાથીદારો સાથે અઠવાડિયાની પ્રવૃત્તિઓનું આયોજન કરો

તમારી મુલાકાત અને સાક્ષી દરમ્યાન પ્રબોધકોએ મસીહના આવવા વિષે કેવી આગાહીઓ કરી અને પ્રભુ ઈસુએ તે આગાહીઓ પૂર્ણ કરી તે સમજાવો. વિશ્વાસીઓ અને શોધકોની મુલાકાત લો કે જેઓને શંકાઓ છે. અને તેઓને વિશ્વાસ કરવાના કારણો બાબતે વિચાર કરવા ઉત્તેજન આપો. તેમની સાથે પ્રાર્થના કરો કે પ્રભુ ઈસુ તેઓને આશિર્વાદ આપે અને પોતે ભલો અને શક્તિમાન છે તે જણાવી આપે.

- નવા સેવકો જેમને તમે સલાહસૂચનો આપો છો તેમની પાસે એવા માણસો હોય કે જેઓને બાઈબલ દેવનું વચન છે તેની ખાતરીની જરૂર હોય તેઓને આ અભ્યાસ શિખવવો.
- જો કોઈ વિશ્વાસીઓને બાઈબલ વાંચવુ અને અભ્યાસ કરવાનું ગમતુ હોય તો ઉપરની સૂચિમાંના જૂના કરારના આગેવાનો સાથે પ્રભુ ઈસુની સમાનતા અને વિરોધાભાસ શોધવાનું કહો.

## ૩. તમારા સાથીદારો સાથે હવેની ભજનસેવાનું આયોજન કરો.

જૂના કરારની કેટલીક આગાહીઓ અને નવા કરારની તેમની પરિપૂર્ણતાનો ભેગા મળીને વાચન કરવા વિશ્વાસીઓને કહો. કઈ રીતે પ્રભુ ઈસુએ આ આગાહીઓ પૂરી કરી તે દર વખતે પૂછો.

ભૂતકાળમાં પૂર્ણ થયેલ આગાહીઓ હવે બાકી રહેલ આગાહીઓ ભવિષ્યમાં પણ પૂર્ણ થશે તેનો ભરોસો પૂરો પાડે છે.

ઉપરના સૂચિમાંથી ઓછામાં ઓછી એક વ્યક્તિની પ્રભુ ઈસુ સાથે સરખામણી અને વિરોધાભાસ **સમજાવો**.

ભજનસેવામાં વિશ્વાસીઓ અને શોધકોને જે કોઈ મદદરૂપ થાય તેમને પશ્ચાતપ વર્તી નોંધમાંથી એ,બી.સી અને ડી નોંધો **સમજાવો.**

**બાળકો**એ તૈયારી કરી હોય તે સભાજનોને બતાવવા દો.

**પ્રભુની મેજ**ની સેવા માટે ૧ કો.૧૧:૨૬ વાંચો. પ્રભુ ઈસુની છેલ્લા ૨૦૦૦ વર્ષ થી રાહ જોતા વિશ્વાસીઓ એકઠા મળીને પ્રભુ ના શરીર અને રક્તના ભાગીદાર બને છે. તેઓ તેની બાકીની પ્રતિજ્ઞાઓ પૂર્ણ થવાની રાહ જુએ છે.

**લુક ૨૪:૨૭ બધા મુખપાઠ કરો.** ''પછી મુસાથી તથા સઘળા પ્રબોધકોથી માંડીને તેણે બધા ધર્મલેખોમાંથી પોતાના સંબંધની વાતોનો ખુલાસો કરી બતાવ્યો.''

બે કે ત્રણ ગ્રુપમાં બધાં ભેગા મળીને પ્રાર્થના કરે, ઈસુની ભવિષ્યવાણીઓ વિષે ચર્ચા કરે, આયોજનો કરે અને એકબીજાને ઉત્તેજન આપે.

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net